ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના અંતર્ગત નવા એકમ તેમજ વિસ્તૃતિકરણના કિસ્સામાં પ્રોત્સાહનની ગણતરી અને ચૂકવણીની કાર્યપદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ:એમઆઇએસ-૧૦૨૦૧૫ -૬૪૫૯૧૮-આઇ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૩/૧૧/૨૦૨૦
13 NOV 2020

**વંચાણે લીધા:-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક આઇએનસી-૧૦૨૦૧૫-૬૪૫૯૧૮-આઇ તા.૨૫.૭.૨૦૧૬
(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએસટી- ૧૦૨૦૧૭-૨૨૧૮-ચ તા.૦૩/૧૦/૨૦૧૭
(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક આઇએનસી-૧૦૨૦૧૮-૫૨૨૨૪૩-આઇ તા.૧૫/૧૧/૨૦૧૮
(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ-૧૦૨૦૧૯-૧૪૦૧૬૮-આઇ તા.૦૬/૦૩/૨૦૧૯
(૫) વિવિધ એસોશીએશનની રજૂઆતો

**આમુખ:-**

રાજ્ય સરકારે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના જાહેર કરી છે. જેમાં સહાયપાત્ર એકમોને VAT રીએમ્બર્સમેન્ટ હેઠળના પ્રોત્સાહનો જાહેર કરવામાં આવેલ હતા. તા.૦૧/૦૭/૨૦૧૭ના રોજથી સમગ્ર દેશમાં જી.એસ.ટી અમલમાં આવતા વંચાણે લીધા ક્રમાંક: (૨)થી યોજના હેઠળ સહાયપાત્ર ઔધોગિક એકમોને SGSTના પ્રોત્સાહનો આપવાનું ઠરાવેલ હતું. વંચાણે લીધા ક્રમાંક: (૩)થી યોજના હેઠળ સહાયપાત્ર ઔધોગિક એકમોને NET SGSTના પ્રોત્સાહનો આપવાનું ઠરાવેલ હતું. ઉક્ત વિગતે એકમના વિસ્તૃતિકરણના કિસ્સામાં સહાયનું પ્રમાણ નક્કી કરવાની તથા ચૂકવણી અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવા અંગેની બાબત તથા એકજ એકમ દ્વારા નવા પ્રોજેકટ તથા વિસ્તૃતિકરણ પ્રોજેકટ એમ બન્ને પ્રોજેકટ મંજૂર થયેલ હોય તેવા કિસ્સામાં પણ સહાય નું પ્રમાણ નક્કી કરવા તથા ચૂકવણી અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજી પૂર્વકની વિચારણાના અંતે ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના અંતર્ગત (૧)વિસ્તૃતિકરણ પ્રોજેકટ તથા (૨) નવા પ્રોજેકટ તેમજ વિસ્તૃતિકરણ પ્રોજેકટ એમ બંને મંજૂર થયેલ હોય તેવા એકમના કિસ્સામાં પ્રોત્સાહનની ગણતરી અને ચૂકવણીની કાર્યપદ્ધતિ નીચે પ્રમાણે કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) **ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ ફકત વિસ્તૃતિકરણનો પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં માટે:**

એકમના હયાત પ્રોજેકટના મૂડીરોકાણની અને વિસ્તૃતિકરણ પ્રોજેકટ માટે કરેલ મૂડીરોકાણની કુલ મૂડીરોકાણ સામે પ્રમાણસર ટકાવારીની ગણતરી કરવાની રહેશે. તે ટકાવારીના અનુપાતમાં

એકમે સહાય માટે રજૂ કરેલ ક્લેઇમની વહેંચણી કરવાની રહેશે. એકમની મંજૂર થયેલ વાર્ષિક સહાયની મર્યાદામાં સહાયની ચૂકવણી કરવાની રહેશે.

**(૨) ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ નવા પ્રોજેક્ટ તથા વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ એમ બંને પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સા માટે :**

જે એકમને નવા પ્રોજેક્ટ તેમજ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ એમ બન્ને તરીકે મંજૂર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં એકમનાં નવા તેમજ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ માટે મંજૂર થયેલ મુડીરોકાણના અનુપાતમાં એકમ દ્વારા રજૂ કરવામાં આવેલ ક્લેઇમ વહેંચવાનો રહેશે. તેમજ, તે મુજબ બન્નેની વાર્ષિક મર્યાદામાં ક્લેઇમની રકમ ચૂકવવાની રહેશે.

નવા પ્રોજેક્ટનો સહાય નો સમયગાળો પૂર્ણ થયા બાદ, ફક્ત વિસ્તૃતિકરણ માટે કૂલ મુડીરોકાણમાં વિસ્તૃતિકરણના મુડીરોકાણની ટકાવારી મુજબ મળવાપાત્ર સહાય આપવાની રહેશે, જે વિસ્તૃતિકરણ માટે મંજુર થયેલ વાર્ષિક સહાયની મર્યાદામાં રહેશે.

(૩) સહાય આપવા માટે નીચે મુજબની શરતો લાગુ પડશે.

૧. કોઇ એકમમાં બે એકટીવીટી કરવામાં આવતી હોય અને બન્ને બેકવર્ડ-ફોરવર્ડ એકટીવીટી પ્રકારની હોય તથા એ બન્ને એકટીવીટીમાં સહાય આપવામાં આવતી હોય ત્યારે એકમને બેવડો લાભ ન મળે તે મુજબની ગણતરી કરવાની અને ચૂકવણી કરવાની રહેશે.

૨. નેટ એસજીએસટીની વ્યાખ્યા ક્રમ ૩માં જણાવેલ ઠરાવ મુજબ રહેશે.

૩. લાભની ગણતરી સમયે અથવા ખરેખર ચુકવવાના સમયે એકમને મળવાપાત્ર વાર્ષિક મર્યાદા કે કુલ એલીજીબીલીટી સીલીંગ જાળવવાની રહેશે.

૪. સૂચિત મૂડી રોકાણને ધ્યાને ન લેતા ખરેખર થયેલ મૂડી રોકાણને ગણતરીમાં લેવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાંણા વિભાગની તા. ૨૨.૧૦.૨૦૨૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એસ. મહેતા)
સંયુકત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.